**IN THE TALUKA COURT AT VISNAGAR**

**REGULAR CIVIL SUIT NO. 44 OF 2011.**

RCS/44/2011

**Plaintiff :**

1. PATEL MOHANDAS AMICHANDDAS
   LACHCHADI
   lachhadi

**VERSUS**

**Defendant :**

1. RABARI SHAHARBHAI MAIJIJI
   LACHCHADI
   LACHCHADI

2. THAKOR BECHARJI MOHANJI
   LACHCHADI
   LACHCHADI

Appearance:
V.K.PRAJAPATI For Plaintiff 1

J.S.CHAUDHARI For Defendant 1
I.J.VAGHELA For Defendant 2

---

**<u>રે.દિ.મુ.નંબર ૪૪/૧૧ ના કામે આંક ૨૯ લગત હુકમ.</u>**

(૧) સદર કામે આ કામના પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓએ હાલની આંક ૨૯ ની અરજી આપીને હાલના વાદી અને પ્રતિવાદી નંબર ૨ વિરુધ્ધ આ દાવાનો આખરી નીકાલ આવે નહી ત્યાં સુધી તેઓ ખેતી કરીને ઉપજ નીપજ લે તેમાં વાદી તથા પ્રતિવાદી નંબર ૧ હરકત હેલો કરે કરાવી નહી તે બાબતે કામ ચલાઉ મનાઈ હુકમ આપવા માંગણી કરેલી છે.

(૨) સદર અરજી બાબતે આંક ૩૫ થી વાદીએ પોતાનો લેખિત જવાબ આપીને પ્રતિ વાદી નંબર ૨/૧ થી ૨/૬ ની સદર આંક ૨૯ ની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓનો કોઈ પ્રાઈમાફેસી કેસ નહી હોવાનું તથા વાદીના કાયદેસરના હકકને ડુબાડવા માટે સદરના પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓએ પ્રતિવાદી નંબર ૧નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોવાનું અને પ્રતિવાદી નંબર ૧નાઓને સદર મિલકતમાં કોઈ હકક અધિકાર નહી હોવાનું અને તેઓનો કોઈ પ્રાઈમાફેસી કેસ નહી હોવાનું,બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં નહી હોવાનું તથા નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ હોવાનું ફલિત થતુ નહી હોવાથી સદરની આંક ૨૯ ની અરજી રદ કરવા વિનંતી કરેલી છે.

(૩) જયારે પ્રતિવાદી નંબર ૧ નાએ આંક ૩૦થી સદર કામે જવાબ રજુ કરેલ છે અને તેઓએ વાદીની હકીકતનો ઈન્કાર કરેલ છે પરંતુ વાદીની તરફેણમાં થયેલ દસ્તાવેજ બાબતે કોઈ હકીકતનો ઉલ્લેખ કરેલ નથી તેમજ તે દસ્તાવેજ ખોટો થયેલ હોય કે તે બાબતે છેતરપીડી કરવામાં આવેલ હોય તે બાબતે કોઈ આક્ષેપો કરવામાં આવેલ નથી પરંતુ હાલના પ્રતિવાદી નંબર ૧ નાએ પ્રતિવાદી નંબર ૨ ની તરફેણમાં કરેલ વેચાણ દસ્તાવેજ ખોટો અને છેતરપીડીથી કરાવી લેવામાં આવેલ હોવાનો આક્ષેપ કરેલ છે અને ત્યારબાદ તેમણે હાલની તે જ દિવસે જવાબને રજુ કર્યાના દિવસે વચગાળાની મનાઈ હુકમની અરજી રજુ કરેલ છે પરંતુ જયારે વાદી તરફે અને પ્રતિવાદી નંબર ૧ તરફે કોઈ કાઉન્ટર કલેઈમ નથી અને સામો દાવો કરીને કોઈ દાદ જ માગેલ ન હોઈ તેવા સંજોગોમાં તેમની વચગાળાની દાદ મળી શકે તેમ નથી. વધુમાં આ કામના પ્રતિવાદી નંબર ૧ ધ્વારા આપવામાં આવેલ જવાબની સામે પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓએ પણ જવાબ આપેલ છે અને તે જવાબમાં તેઓએ પ્રતિવાદી નંબર ૧ ના

જવાબની હકીકતનો ઈન્કાર કરેલ છે.આમ હાલની અરજીના કામે પ્રતિવાદી નંબર ૨ નો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી કે સગવડતા અગવડતાનું પલ્લુ તેમના લાભમાં નથી અને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થાય તેમ નથી તેથી હું  નીચે મુજબનો હુકમ કરુ છું.

**(( હુ ક મ ))**

– પ્રતિવાદી નંબર ૨/૧ થી ૨/૬ નાઓની આંક ૨૯ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

– ઉપરોકત હુકમ આજ તારીખ ૨૨ માહે જાન્યુઆરી સને ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨–૧–૨૦૧૫
વિસનગર.

(પ્રકાશચંન્દ્ર ઈશ્વરભાઈ પ્રજાપતિ)
CODE-GJ00868
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસનગર.